## ૧૧ ઓગષ્ટ ૨૦૧૯ - ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

## સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૨૨

**પ્ર. ૧. સામા. પ્રતિ., આવશ્યકસૂત્રના આધારે જવાબ લખો. (૧૫)**

**૧. નીચેના શબ્દોના અર્થ લખીને, ક્યા પાઠના છે તે લખો. (૫)**

(૧) મિચ્છાદંસણ સલ્લેણં – મિથ્યાત્વરૂપી શલ્યથી – ૪થું શ્રમણસૂત્ર

(૨) કસાયાણં – કષાય (ક્રોધ, માન, માયા, લોભ) -પ્રતિ. બીજો પાઠ

(૩) મત્થએણ વંદામિ - મસ્તક નમાવી વંદન કરૂં છું. - ૫મું શ્રમણસૂત્ર

(૪) ખમંતુ – ક્ષમા કરે – ક્ષમાપના સૂત્ર

(૫) ઇટ્ઠં - ઇષ્ટકારી - સંથારાનો પાઠ

૨. (૧) આવશ્યક (૨) અવશ્યકરણીય, (૩) ધ્રુવ નિગ્રહ, (૪) વિશોધિ, (૫) અધ્યયનષટ્ક વર્ગ, (૬) ન્યાય, (૭) આરાધના, (૮) માર્ગ.

**૩. નીચેના વાક્યો ક્યા અતિચાર મોટે બંધબેસતા છે. એ અતિચાર લખો (૩)**

(૧) પોસહસ્સ સમ્મં અણાણુપાલણયાએ

(૨) કાયદુપ્પણિહાણે

(૩) ઉવભોગપરિભોગ અઈરત્તે

**૪. એક શબ્દમાં જવાબ લખો. (૩)**

(૧) ઉત્કીર્તન સ્તુતિ

(૨) પ્રત્યાખ્યાન

(૩) ઉપાય

(૪) સાધકો

(૫) આવશ્યક

(૬) ભદ્રબાહુ સ્વામી

**૫. પ્રતિક્રમણ અને વારણા આ બેના અર્થ લખો. (૨)**

પ્રતિક્રમણ - પરસ્થાનમાં ગયેલા આત્માને સ્વસ્થાનમાં લાવવો.

વારણા – વિષય ભોગની પ્રવૃત્તિમાં વિભાવની પ્રવૃત્તિમાં જતા આત્માને તે પ્રવૃત્તિમાં જતો રોકવો તે.

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

(૧) જે કાર્ય જ્યારે જેમ થવાનું હોય તેમ જ થાય છે નિયતિની ગતિને કોઈ રોકી શકતું નથી પ્રાણીઓના સુખ દુ:ખ સ્વયંકૃત નથી કર્મકૃત નથી પરંતુ નિયતિકૃત છે.

(૨) બૌધો પાંચ સ્કંધને માને છે રૂપ સ્કંધ, વેદના સ્કંધ, સંજ્ઞા સ્કંધ, સંસ્કાર સ્કંધ અને વિજ્ઞાન સ્કંધ.

(૩) અજ્ઞાની જીવો સ્વજનો અને સાધન સંપત્તિના અનુરાગમાં અંધ બનીને અનિત્ય અને અશરણભૂત પદાર્થો કે સંબંધોનું સત્ય સમજી શકતા નથી. તે જીવો તેમાં જ ગૃદ્ધ બનીને તેમાં જ ફસાઈને અનંત કર્મોને બાંધીને પરવશપણે મૃત્યુ પામે છે પછી એમના અશુભ કર્મોનો ઉદય થાય ત્યારે તે જીવો દુ:ખી થાય છે.

(૪) દેવ મનુષ્ય કે તિર્યચો દ્વારા સાધકના સાધના માર્ગમાં આવતી આપત્તિ, ઉપદ્રવો કે વિઘ્નોને ઉપસર્ગ કહે છે. તેના મુખ્ય બે ભેદ છે. અનુકૂળ ઉપસર્ગ અને પ્રતિકૂળ ઉપસર્ગ .

(૫) તજ્જીવ તત્ શરીરવાદ – જે જીવ છે તે જ શરીર છે અને શરીર છે તે જ જીવ છે. તેઓના મતે શરીર અને આત્મા એક છે. અભિન્ન છે. શરીરના નાશ સાથે આત્માનો નાશ થઈ જાય છે. તેથી પુણ્ય - પાપ કે તેના ફળ સ્વરૂપ સ્વર્ગ – નરક જેવું કાંઈ જ નથી.

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)**

(૧) ૨જો - પરલોક ભય – વિજાતીયનો ભય મનુષ્યને તિર્યચનો ભય તિર્યંચને મનુષ્યનો ભય.
૪થો - અકસ્માત ભય - બાહ્ય નિમિત્ત વિના અચાનક ઉત્પન્ન થતો ભય પોતાના વિચારથી જ ઉત્પન્ન થતા ભય.

(૨) નય - અનંત ધર્માત્મક વસ્તુના અન્ય ધર્મોને ગૌહ કરીને કોઈ પણ એક ધર્મને પ્રધાનપણે જાણવો તે નય, એક પ્રાસંગિક દૃષ્ટિકોણ કે ચોક્કસ વિચારસરણી, અન્ય અપેક્ષાઓને ગોણ કરીને કોઈ પણ એક અપેક્ષાનો સ્વીકાર .

(૩) દંડ નીતિના સાત પ્રકાર છે. હકાર, મકાર, ધિક્કાર, પરિભાષ, મંડલબંધ, ચારક અને છવિચ્છેદ.

(૪) (૨) છત્રરત્ન - વૃષ્ટિ, વાયુ, તાપ આદિથી રક્ષા કરે.
**(૪) દંડરત્ન** – વિષમભૂમિ સમ કરે તિમિસ્ત્ર ગુફા એ ખંડપપાત ગુફાના દ્વાર ખોલે.
(૫) અસિરત્ન - શત્રુઓનો નાશ કરે, પહાડાદિનું ભેદ ન કરે.
(૬) મણિરત્ન – તત્કાલ સૂર્ય જેવા પ્રકાશ કરે, ભયનું નિવારણ કરે.

(૫) અર્થ – (૧) એકત : ખહા - એક દિશામાં અંકુશની જેમ વળેલી શ્રેણી જેની એકબાજુ ત્રસનાડીનું આકાશ હોય.
(૨) અશ્વરત્ન – નિષ્કૂટ વિજયયાત્રા દરમ્યાન સેનાપતિ તેના પર સવારી કરે અને તે વિજય પ્રાપ્ત કરવો.
(૩) અશ્વલોક– અપકીર્તિ
(૪) ચક્વાલ – ચક્રની જેમ વલયાકાર ક્ષેણી.

**પ્ર. ૪ (અ) ભગવતી સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)**

(૧) શિવ રાજર્ષિ હસ્તિનાપુરના રાજા હતા. તેઓ મહાન, મહેન્દ્ર, શકેન્દ્ર જેવા શ્રેષ્ઠ રાજા હતા તેમની ધારિણી નામની રાણી હતી. પુત્રનું નામ શિવભદ્ર હતું.

(૨) નિરંતર છઠ્ઠની તપસ્યાપૂર્વક દિક્ચક્રપાલ તપ કરતા, આતાપના લેતાં પ્રકૃતિની ભદ્રતા, વિનીતતા આદિ ગુણોને કારણે તથા તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું.

(૩) **ઉપસંહાર :** એક ભદ્ર પરિણામી જીવ, અન્યધર્મી હોવા છતાં પ્રભુના માધ્યમે સત્ય સમજ્યા પછી તરત જ સત્ય સ્વીકાર કઈ રીતે કરે છે અને સત્યના સ્વીકાર સાથે સત્ય સાધના દ્વારા સિદ્ધિને કઈ રીતે પ્રાપ્ત કરે છે. તે વિષયને ઊજાગર કર્યો છે.

(૪) દ્વીપ સમુદ્રો અસંખ્યાતા છે. સંસ્થાનની અપેક્ષાએ સર્વ એક પ્રકારના એક સમાન છે. વિસ્તારથી એકબીજાથી બમણા છે. તેમ જ વર્ણાદિ સહિત અને રહિત દ્રવ્યોની પરસ્પર સંબદ્ધતા, ગાઢ શ્લિષ્ટતા અને અન્યોન્ય સંબદ્ધતા છે. તેમ જ જીવ અને પુદ્ગલ દ્રવ્ય પણ આ દ્વીપ સમુદ્રોમાં સંપૂર્ણરૂપે ભરેલા છે.

(૫) પ્રથમ છઠ્ઠના પારણાના દિવસે શિવરાજર્ષિએ પૂર્વ દિશાની પૂજા કરી. પૂર્વ દિશામાં રહેતા પુષ્પ, ફળ, બીજ, કંદ મૂળ આદિ ગ્રહણ કરવા પૂર્વ દિશાના અધિપતિ સોમ મહારાજાની આજ્ઞા માંગી મધ, ઘી અને ચોખાથી અગ્નિમાં હોમ કર્યો.

**(બ) જ્ઞાતાધર્મકથાને આધારે જવાબ લખો. એક વાક્યમાં લખો. (૫)**

(૧) જીવનું ભારેપણું - હળવાપણું તુંબડાના દ્રષ્ટાંતથી સિદ્ધ કર્યું છે માટે તુંબ નામ છે.

(૨) એક મોટા સુકાયેલા નિષ્છિદ્ર અને અખંડિત તુંબડા પર ડાળ અમે કુશ વીંટીને માટીનો લેપ કરીને મૂકવાનો છે.

(૩) જીવ આઠ પ્રકૃતિઓનો ક્ષય કરીને ઉપર આકાશ તલની તરફ ઊઠીને લોકાગ્રભાગમાં સ્થિત થઈ જાય છે.

(૪) પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય અર્થાત્ અઢાર પાપસ્થાનકના સેવનથી અને આઠ કર્મ પ્રકૃતિઓના ઉપાર્જનથી જીવ ભારે બને છે. અર્થાત્ અઢાર પાપસ્થાનકનું સેવન જીવને ભારે બનાવે છે.

(૫) પ્રભુ મહાવીરના સમયની વાત છે. રાજગૃહી નગરીના ગુણશીલ ઉદ્યાનમાં મહાવીર સ્વામી પધારે છે.

**પ્ર. ૫ નિરયાવલિકાના આધારે એક વાક્યમાં જવાબ લખો. (૫)**

(૧) દ્વારકા નગરી પૂર્વ-પશ્ચિમમાં ૧૨ યોજન લાંબી અને ઉત્તર –દક્ષિણમાં નવ યોજન પહોળી હતી જેને કુબેરે પોતાના બુદ્ધિ કૌશલ્યથી સાક્ષાત્ દેવલોક જેવી બનાવી હતી.

(૨) નિષધકુમારની માતાનું નામ રેવતી અને પિતાનું નામ બળદેવ હતું.

(૩) નિષધકુમારનું પૂર્વભવમાં વીરાંગદ નામ હતું તેની માતા પદ્માવતી અને પિતા મહાબલ હતા. નગરનું નામ રોહીતક હતું.

(૪) નિષધકુમાર મૃત્યુ પામીને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિવાળા દેવ તરીકે ઉત્પન્ન થયા.

(૫) ચારિત્ર નાયકના વાહક, શાસનપતિ યદુકુલભૂષણ અરિષ્ટનેમિ બાવીસમા તીર્થંકર પરમાત્મા છે અને પ્રશ્ન પૂછનાર મુનિપુંગવ ગણધર ભગવંત શ્રી વરદત્ત મુનિરાજ છે.

**પ્ર. ૬ શ્રી ઉત્તરાધ્યન સૂત્રના આધારે જવાબ લખો. (૧૫)**

**(અ) નીચેની ગાથાઓ પૂરી કરી ભાવાર્થ લખો. (કોઈપણ ત્રણ) (૯)**

**(૧)** ગાથા નં. ૨, ૮, ૨૨, ૩૨ અને ૩૯ એ પાંચ ગાથા પુસ્તક પ્રમાણે.

**(બ) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૫)**

(૧) આ અધ્યયનમાં છ જીવોની વાત છે. ઇષુકાર રાજા, કમળાવતી રાણી, ભૃગુ પુરોહિત, પુરોહિતની પત્ની યશા અને તેમના બે પુત્રો એમ છ જીવોની વાત છે.

(૨) આ મનુષ્ય જીવન ક્ષણિક છે, જીવન વિઘ્નોથી ભરેલું છે અને અલ્પાયુ વાળું છે.

(૩) વેદો ભણી જવા માત્રથી આત્મરક્ષક ન થવાય. અર્થાત્ પાપોનો ત્યાગ કર્યા વિના આત્મ રક્ષક થઈ શકતા નથી.

(૪) આત્માના આંતરિક રાગાદિ દોષો શુભાશુભ પરિણામો જ કર્મ બંધના કારણ છે.

(૫) ધર્મ કરનારાના દિવસો સફળ થાય છે અધર્મ કરનારના દિવસો નિષ્ફળ છે.

(૬) જેમ કૌંચપક્ષી અને હંસ શિકારીએ પાથરેલી જાળ કાપીને આકાશમાં સ્વતંત્ર રીતે ઉડી જાય છે તેમ મારા પુત્રો અને પતિ મને છોડીને જાય છે તો હું એકલી રહીને શું કરૂં ? એમ વિચારીને તે એકલી રહેવા ઇચ્છતી નથી.

**પ્ર. ૭ પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો.** **(૨૦)**

**(અ) દ્રવ્યેન્દ્રિયના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧)** દ્રવ્યન્દ્રિય – નામકર્મના ઉદયથી ઇન્દ્રિયોની પૌદગલિક રચનાને દ્રવ્યેન્દ્રિય કહે છે. તે આઠ છે.

(૧) બે કાન, (૨) બે આંખ, (૩) બે નાક (નસકોરા), (૪) એક જીભ, (૫) એક સ્પર્શન એમ કુલ મળીને આઠ ઇન્દ્રિય છે.

(૨) ચકલીમાં ઉપર કહી તે આઠે આઠ ઇન્દ્રિય હોય.

ચાંચડમાં (૧) સ્પર્શન (૨) જીભ, (૩) બે નાક મળીને ચાર દ્રવ્યેન્દ્રિય હોય. ચોળામાં - એક સ્પર્શનેન્દ્રિય જ હોય.

(૩) મરચા - ભૂતકાળમાં અનંત વર્તમાને -૧ અને ભવિષ્યમાં કોઈ કરશે કોઈ નહિ કરે કરશે તો ૧,૨,૩, યાવત્ સંખ્યાત્ અસંખ્યાત અનંત કરશે.

માંકડ - ભૂતકાળમાં અનંત વર્તમાને -૪ અને ભવિષ્યમાં કોઈ કરશે કોઈ નહિ કરે કરશે તો ૪,૮,૧૨, યાવત્ સંખ્યાત્ અસંખ્યાત અનંત કરશે.

માખી - ભૂતકાળમાં અનંત વર્તમાને -૬ અને ભવિષ્યમાં કોઈ કરશે કોઈ નહિ કરે કરશે તો ૬,૧૨,૧૮, યાવત્ સંખ્યાત્ અસંખ્યાત અનંત કરશે.

મંગળના દેવ ભૂતકાળમાં અનંત વર્તમાને -૮ અને ભવિષ્યમાં કોઈ કરશે કોઈ નહિ કરે કરશે તો ૮,૧૬,૨૪, યાવત્ સંખ્યાત્ અસંખ્યાત અનંત કરશે.

**(બ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

(૧) ભાવેન્દ્રિય જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મળે છે તે પાંચ છે. શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શે**ન્દ્રિય.**

(૨) **૨૪સે દંડકની પ્રત્યેક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિય**

| **નારકી** | **ભૂત** | **વર્તમાન** | **ભવિષ્ય** |
|---|---|---|---|
| **૧ થી ૪ નરકના નારકી** | **અનંત** | **૫** | ૫, ૧૦, ૧૫, સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **૫ થી ૭ નરકના નારકી** | **અનંત** | **૫** | ૧૦, ૫, સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **ભવનપતિ, વાણવ્યંતર જ્યોતિષી ૧,૨ દેવલોકના દેવ** | **અનંત** | **૫** | ૫, ૬, સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **૩જા દેવલોકથી નવ ગ્રૈવેયકના દેવ** | **અનંત** | **૫** | ૫, ૧૦, સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **ચાર અનુત્તર વિમાનના દેવ** | **અનંત** | **૫** | ૫, ૧૦ સંખ્યાત. |
| **સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ** | **અનંત** | **૫** | **૫** |
| **પૃથ્વી, પાણી, વનસ્પતિ** | **અનંત** | **૧** | ૫,૬,૭ સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **તેઉ - વાઉ** | **અનંત** | **૧** | ૬,૭,૮ સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **ત્રણ વિકલેન્દ્રિય** | **અનંત** | **૨,૩,૪** | ૬,૭,૮ સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **તિર્યંચ પંચેન્દ્રિય** | **અનંત** | **૫** | ૫,૬,૭ સંખ્યાત, અસંખ્યાત અનંત |
| **મનુષ્ય** | **અનંત** | **૫** | ૦,૫,૬,૭ સંખ્યાત, અસંખ્યાત અનંત |

(૩) એક જીવ અપેક્ષાએ, વાલોળ, વિજયંત દેવ અને વાઘ-એ ચારેની ભૂત ભવિષ્ય વર્તમાનની ઈન્દ્રિય લખો.

| ક્રમ | એક જીવ અપેક્ષાએ | ભૂતકાળ | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|---|
| ૧. | વાલુપ્રભાનો નારકી | અનંત | ૫ | ૫, ૧૦, ૧૫ સંખ્યાન,....., અનંત |
| ૨. | વાલોળ | અનંત | ૧ | ૫, ૬, ૭ સંખ્યાન,....., અનંત |
| ૩. | વિજયતના દેવ | અનંત | ૫ | ૫, ૧૦ સંખ્યાત |
| ૪. | વાઘ | અનંત | ૫ | ૫, ૬, ૭ સંખ્યાત અસે., |

(૪) (૧) અનેક વનસ્પતિના જીવો આશ્રી વનસ્પતિમાં અનંત ઇન્દ્રિયો હોય. વનસ્પતિકાયમાં અનંતા જીવો છે માટે અનંત ભાવેન્દ્રિયો હોય.

**(૨)** કરોળિઓ ભવિષ્યમાં ઓછામાં ઓછી છ ભાવેન્દ્રિય કરીને મોક્ષે જઈ શકે કરોળિઓ પછીના ભવમાં મનુષ્ય થઈ શકે પણ કેવળી ન થઈ શકે એટલે મોક્ષમાં ન જઈ શકે પણ પછીના ભવમાં પૃથ્વી, પાણી, અગ્નિમાં ઉત્પન્ન થાય તો પછીના ભવમાં મનુષ્ય થઈને મોક્ષે જઈ શકે માટે એકેન્દ્રિયની એક ભાવેન્દ્રિય અને પછી મનુષ્યના ભવની ૫ ઈન્દ્રિય મળીને છ ભાવેન્દ્રિયો કરીને મોક્ષે જઈ શકે.

(૩) અસંજ્ઞી મનુષ્ય ભવિષ્યમાં પાંચ ઈન્દ્રિયો કરીને મોક્ષે ન જઈ શકે કારણ કે અસંજ્ઞી મનુષ્યનો નીકળેલો કેવળી ન થઈ શકે માટે મોક્ષે ન જઈ શકે.

**પ્ર. ૮ નીચેના બોલની માર્ગણા લખો.** **(૧૦)**

| | **નારકી** | **તિર્યંચ** | **મનુ.** | **દેવ** | **કુલ** | |
|---|---|---|---|---|---|---|
| **૧. અધોલોક ચક્ષુઈન્દ્રિય** | **૧૪** | **૨૨** | **૩** | **૫૦** | **૮૯** | **૧૪ ના. ૨૨ તિ પંચે, ૧૨ ચૌરેન્દ્રિય ૩ મનુ. ૫૦ ભવનપતિના** |
| **૨. અધોલોક બાદર** | **૭** | **૩૮** | **૩** | **૨૫** | **૭૩** | **૭ના. પર્યા. ૩૮ તિ. ૧૦ સૂક્ષ્મના** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | મરવાવાળામાં | | | | | વર્જીને ૩ મનુ. ૨૫ ભવ. ના પર્યા. |
| ૩. | ધાતકીખંડમાં ત્રસમાં | ૦ | ૨૬ | ૫૪ | ૦ | ૮૦ | ૨૦ પંચે. +૬ વિક. ૨ ભ. ૨ ઈ. ૨ મહા + ૧૨ અકર્મભૂમિ = ૧૮x૩=૮૦ |
| ૪. | મનુષ્ય સમ્યગદષ્ટિ | ૦ | ૦ | ૯૦ | ૦ | ૯૦ | ૧૫ કર્મભૂમિ +૩૦ અકર્મભૂમિ અપ. અને પર્યા. |
| ૫. | અધોલોક બાદર | ૧૪ | ૩૮ | ૩ | ૫૦ | ૧૦૫ | ૧૪ ના. ૧૦ સૂક્ષ્મના વર્જીને ૩૮ તિ. ૩ મનુ. ૫૦ દેવના |
| ૬. | ઔદારિક વચનયોગી | ૦ | ૧૩ | ૧૦૧ | ૦ | ૧૧૪ | તિ. ૧૩ ત્રસના પર્યા. ૧૦૧ ગર્ભ જ મનુ. પર્યા. |
| ૭. | દેવીમાં | ૦ | ૦ | ૦ | ૧૨૮ | ૧૨૮ | ૧૦ ભવ. ૧૫ પરમા, ૧૦ જ્યો. ૨૬ વાણ. ૧લું, ૨જું દેવ. ૧લું કિલ્વીષી ૬૪ અપ. પર્યા. |
| ૮. | અધોલોક મિશ્રદષ્ટિમાં | ૭ | ૫ | ૧ | ૧૦ | ૨૩ | ના. ૭ પર્યા. પસંજ્ઞી તિ. પર્યા. ૧મનુ પર્યા. ભવ પર્યા. |
| ૯. | અધોલોક ત્રસ અભાષક | ૭ | ૧૩ | ૩ | ૨૫ | ૪૮ | ૭ના અપ. તિ. ત્રસ અપ. મનુ ૩ + ભવ. પરમા = ૨૫ અપર્યાપ્તા. |
| ૧૦. | તિર્ચ્છાલોકમાં વચનયોગીમાં. | ૦ | ૧૩ | ૧૦૧ | ૩૬ | ૧૫૦ | તિર્યંચ ત્રસ ૧૩ પર્યા. ગર્ભ જ મનું. ૧૦૧ પર્યા. ૨૬ વાણ. ૧૦જ્યો. એ ૩૬ના પર્યા. |

----- જય જિનેન્દ્ર -----